


"આ વરસાદ પણ મન મુકીને પડતો નથી..."

"ક્યાંથી પડે સાહેબ..? જુઓને પેલુ આપણુ મીઠુ મીઠુ ગીત હતુ... 'આવરે વરસાદ...'ના બદલે હવે બાળકોને શીખવાડાય છે 'રેઈન રેઈન ગો અવે...' પછી આજ હાલ થાય ને..!"

"અરે, પણ મેઘરાજા ગુજરાતી ને અંગ્રેજી બધુ જાણતા હશે..? ત્યાં સુધી ભાષાનો વિવાદ પહોંચ્યો છે."

"સાહેબ, વિવાદ નથી, લાગણીનો વિષય છે. જે ભાષામાં તમે ભગવાનને પ્રાર્થના કરી છે, તમારી સારી નરસી ક્ષણોમાં તમારાથી જે ભાષા બોલાઈ જાય એ માતૃભાષા... અને એની જ મીઠાશ હોયને..!"

"હા...હા...હા... મા, માતૃભૂમિ અને માતૃભાષા જીવનના અવિભાજ્ય અંગો છે. આ અંગ્રેજીનુ ભૂત આવ્યુ ક્યાંથી...? કોણ લાવ્યુ આ ભૂત...? કોને આટલા બધા અભરખા છે..?"

"સાહેબ, આ તો દેખાદેખીના ખેલ છે. અંગ્રેજીમાં બોલે એને સ્માર્ટ કહેવાય. અંગ્રેજી વાંચી, લખી શકે અને ચપચપ બોલે એટલે આકર્ષક વ્યક્તિત્વ બને આવા ભ્રમને કારણે અંગ્રેજીનો મારો ચાલ્યો છે, મારો..!"

"એકદમ સાચી વાત છે. શુ સમય આવ્યો છે. ગુજરાતી માધ્યમની શાળાઓ બંધ થવા માંડી છે અને અંગ્રેજી માધ્યમની શાળાઓ ઢગલાબંધ ખૂલવા માંડી છે. કેવી અસહ્ય બાબત છે."

"અરે, એનાથીય વધારે વાત કરૂ, આજકાલ મમ્મીઓને એવા તો કોડ જાગ્યા છે કે મારા દીકરા કે દીકરીને ગુજરાતી જ નથી આવડતુ એવુ કહેવામાં ગર્વ અનુભવે છે, અમારે તો પહેલેથી અંગ્રેજી માધ્યમમાં ભણેને..!"

"હા... હા... આ બધા લાજવાને બદલે ગાજે છે. ખબર નથી પડતી હજુ મા અને પાડોશણ વચ્ચેનો તફાવત કેમ સમજાતો નથી. આ દંભ-દેખાડામાં રાચતી મહિલાઓને..!"

"કેવુ પડે હો... સરસ ગોત્યું હો. પાડોશણ ગમ્મે તેટલી રૂપાળી હોય, હોંશીયાર હોય પણ 'મા'ની તોલે તો ન જ આવે ને. મા એટલે મા."

"...અને હું તો એમ કહું છુ કે અંગ્રેજી ભણવુ જ જોઈએ. અંગ્રેજી વિશ્વભાષા છે. ગ્લોબલાઈઝેશનના જમાનામાં અંગ્રેજી આવડવુ જ જોઈએ પણ માતૃભાષા ગુજરાતીના ભોગે તો નહીં જ..."

"આ જ સત્ય છે. બાકી બધો ભ્રમ છે. જે ભાષામાં ગાંધીએ સત્ય અને અહિંસાનો સંદેશ આપ્યો, જે ભાષામાં નરસિંહે જગત સત્યને ગાયુ અને જે ભાષામાં નર્મદે સમાજ સુધારણાના પાઠ શીખવ્યા એ મારી માતૃભાષા ગુજરાતીનુ ગૌરવ છે, ગર્વ છે."

"ઓ...હો... મજબુત દલીલો સાથે આજે મેદાનમાં છો હો."

"અરે, મા અને માતૃભાષાની વાત આવે એટલે ભલભલા ઉતરી આવે, ના ચલાવાય આ... જે કરવુ પડે તે કરવુ જ જોઈએ નહી તો બહુ જ મોડુ થઈ જશે અને આવતીકાલ આપણને માફ નહી કરે ખરૂને..."

"હા...હા... સાહેબ. મારે, તમારે, આપણે સૌએ માતૃભાષા ગુજરાતીના ગૌરવગાન માટે પ્રતિબદ્ધ બનવુ પડશે અને દંભ દેખાડામાં રાચતા પરિવારોને સાચી વાત અને સાચી દિશા સમજાવવી પડશે..."

"... અને કહેવુ પડશે અંગ્રેજી ભણાવવાની ના નહી પણ આપણા સંતાનોને ગુજરાતી પણ આવડવુ જ જોઈએ. રોજીંદા શબ્દોમાં ગુજરાતીના નવા નવા શબ્દો અને અર્થો સમજાવવા પડશે. ગુજરાતી ભાષાનો અખૂટ ભંડાર સાહિત્યના વાડાઓમાંથી બહાર કાઢી સમાજ સુધી પહોંચાડવો પડશે."

"હં, હુ તો તૈયાર છુ, તમે..?"

"હા... સાહેબ...હા..."



વરસાદના પગલે ગંદકી - શહેરમાં હજુ તો એક ઈંચ પણ વરસાદ નથી પડ્યો... માત્ર બે વખત હળવા ઝાપટા પડ્યા હોવા છતાં સેક્ટર-૭ના શાકમાર્કેટમાં ગંદકી ફેલાવાની શરૂ થઈ ગઈ છે... તંત્ર અને શાકભાજીના વેપારીઓ સંયુક્ત રીતે ગંદકી ન થાય તેના ઉપાયો શરૂઆતથી જ કરવા જોઈએ... જેથી ચોમાસા દરમિયાન ગંદકીની પરિસ્થિતિ ટાળી શકાય... શાકભાજીના વેપારીઓ પણ વરસાદના સમયે ભરાતા પાણીમાં શાકભાજીનો વેસ્ટેજ નાખવામાં કાળજી રાખે અને બેજવાબદારીભર્યુ વર્તન ન કરે તો પણ ગંદકીની સર્જાતી સ્થિતિ અટકાવી શકાય...

# પાણી-ગટરવેરાના બાકીદારોને આગામી મહિનામાં નોટીસ અપાશે

**ગત માર્ચ મહીનાની ઝુંબેશના અંતે અગાઉના વર્ષોની જેમ વસુલાત ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી થઇ શકી નથી**

ગાંધીનગર તા ૩૦

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાતના અંતે હજુ પણ તંત્ર પાસે વસુલાતનો આંકડો તૈયાર થયો નથી. જો કે પાણી ગટર વેરાના બાકીદારોને આગામી મહીનામાં નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરાશે. વસુલાત ક્ષેત્રે બાકીદારોની યાદી પણ ટુંકમા તૈયાર થઈ જશે.

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત માટે પ્રતિ માર્ચ મહીનામાં તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જયારે ગત માર્ચ મહીનામાં પણ વેરાની વસુલાત કરવા માટે અભિયાન હાથ ધરાયુ હતુ. જયારે આ દરમિયાન ઘણાં ખરા જોડાણકર્તાઓને બીલ ન મળ્યા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. પરંતુ પાણી ગટર વેરા વસુલાતના મામલે વર્ષોથી બાકીદારોનો આંકડો મોટો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે ઘણાં ખરા જોડાણકર્તાઓ વેરો ચુકવવામાં નિરસતા દાખવતા હોવાનુ પણ ચિત્ર સ્પષ્ટ થયુ છે. જેના પરિણામે વેરા વસુલાતની ઝુંબેશના અંતે પણ તંત્રના ચોપડે બાકીદારોની યાદી માટી હોવાનુ સ્પષ્ટ થાય છે. એકબાજુ પાણી વિતરણ માટે મીટર પ્રથા અમલી બનાવી શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પણ એકશન પ્લાન તૈયાર કરી દેવાયો છે ત્યારે હાલ પાણી ગટર વેરા અન્વયે જુના બાકીદારોનો આંકડો પણ મોટો છે. ત્યારે શહેરી વિસ્તારમાં પણ બંધ મકાનો તેમજ જી આઇ ડી સી વિસ્તાર અને શહેરી વિસ્તારના ગામોમાં વસુલાતની નબળી કામગીરીના લીધે માંગણા સામે પુરતી વસુલતા થઈ શકતી નથી. જો કે વસુલાત અન્વયે બાકીદારો સામે તંત્ર દ્વારા નોટીસ સિવાય અન્ય કોઈ જોડાણ કાપવા સુધીના આકરા પગલા પણ લેવાતા ન હોવાથી જુના બાકીદારોને વેગ મળ્યો છે. ગત માર્ચ મહીનાની ઝુંબેશના અંતે પણ વર્ષ દરમિયાન વસુલતા સ્વીકારવાની પ્રકીયા ચાલુ રહે છે. જે અન્વયે ટુંકમાં જ વસુલાત ક્ષેત્રે બાકીદારોનુ લીસ્ટ તૈયાર કરી આગામી મહીનામાં જ તેમને નોટીસ આપવાની પ્રકીયા પણ હાથ ધરાશે.

## આરસોડિયામાં દુષિત પાણી જ જવાબદાર : રિપોર્ટ

ગાંધીનગર, તા. ૩૦

આરસોડિયાનું પાણી પીવાલાયક ગુણવત્તા ધરાવતુ નહોતુ તેવો અહેવાલ બેક્ટોરોયોલોજીકલ ટેસ્ટમાં જણાવાયુ છે.

જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. એમ.બી. સોલંકીએ જણાવ્યુ છે કે આરસોડિયામાં થયેલો રોગચાળો એ દૂષિત પાણીને લઈ થયો હતો તે પ્રસ્થાપિત થયુ છે. તેમણે સ્વીકાર્યુ હતુ કે રેપીડ રિસ્પોન્સ ટીમે પણ આજ તારણ આપ્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે આરસોડિયામાં પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ આવી ગઈ છે. છેલ્લા બે દિવસથી નવા કેસ નોંધાયા નથી. કમળાનો રોગચાળો આટલો ઝડપથી કંટ્રોલ થવો તેને લઈ તબીબી જગતમાં પણ આશ્ચર્ય છે. જોકે ગામમાં આર.ઓ. બોટલીંગ પ્લાન્ટ હોવાનું પણ જાણવા મળેલ છે.

**ગાંધીનગરમાં હવાનુ પ્રદુષણ ડામવા**

# દાયકા જુના ડિઝલ વાહનો પર પ્રતિબંધ મુકવા માંગણી

**વર્ષ ૨૦૧૬-૧૭ માં પણ મહાનગરોનુ વાયુ પ્રદુષણ દિલ્હીની સમકક્ષ પહોંચ્યુ હતુ : સરકાર કક્ષાએ હજુ સુધી કોઇ પગલા લેવાતા નથી**

ગાંધીનગર તા ૩૦

રાજયના મોટાભાગના શહેરોમાં પ્રદુષણની માત્રા ગંભીર રીતે વધી રહી છે. વાયુ પ્રદુષણ વધતા વર્ષો જુના ડિઝલ વાહનો બંધ કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ મામલે બે વર્ષ અગાઉ સરકાર દ્વારા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી હતી. પરંતુ હાલમાં પ્રદુષણની માત્રા ઘટાડવા કોઈ નક્કર આયોજન કરવામાં આવ્યુ નથી. સરકારે ૧૦ વર્ષ જુના ડિઝલ વાહનોની ગુજરાતમાં નોંધણી કરવાના મામલે પ્રતિબંધ લાદવો જોઈએ તેવી માંગણી જાગૃત નાગરિક પરિષદે કરી છે.

રાજયના અમદાવાદ , સુરત ,રાજકોટ ભાવનગર , જામનગર ,જુનાગઢ સહીત પાટનગરમાં પણ હાલ વાયુ પ્રદુષણની માત્રા અધિક છે. જયારે પ્રદુષણ મુક્ત શહેર માટે સરકારે હવે કેટલાક અનિવાર્ય પગલા લેવાની જરૂરિયાત છે. જેમાં વર્ષો જુના ડિઝલ વાહનો પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ

● અનુસંધાન પાન-૭ પર

# નિવૃત્તિના દિવસે જિલ્લાકક્ષાએથી આપવાના લાભોનો ચેક મળી જવો જોઈએ : કોયા

**પંચાયત પ્રમુખના પી.એ. ગિરીશ ભટ્ટ સહિત ૪ કર્મચારીઓ નિવૃત્ત થયા : પરિવાર સાથે વધુ સમય ગાળી સામાજિક જીવનનો આનંદ માણજો**




ગાંધીનગર, તા. ૩૦

નિવૃત્ત થતા કર્મચારીને સ્થાનિક કક્ષાએથી જે લાભો આપવા પાત્ર છે તેના નાણાં નિવૃત્તિના દિવસે જ મળી જાય તે જોવા પંચાયતની હિસાબી શાખાને આજે મીઠી ટકોર જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાએ કરી હતી.

જિલ્લા પંચાયતના ૪ જેટલા કર્મચારીઓના આજે યોજાયેલ વિદાય સમારોહમાં બોલતાં કોયાએ જણાવ્યુ હતુ કે ઓફિસીયલ કલ્ચર છોડી હવે સામાજિક કલ્ચરમાં તમે વધુ પ્રવૃત્ત થવાના છો ત્યારે પરિવાર માટે વધુ સમય ફાળવજો. નોકરીના સમયમાં પરિવારે તમારૂ સાનિધ્ય ગુમાવ્યુ છે તેની ભરપાઈ કરજો.

તેમણે નિવૃત્ત થતા ચારેય કર્મચારીઓને આજે ઓફિસ સમય પૂર્ણ થયા બાદ પંચાયતની ગાડી મુકવા જશે તેવી મહત્વની જાહેરાત કરી હતી.

શ્રી કોયાએ નિવૃત્ત જીવન સ્વસ્થ રહે અને દીર્ઘાયુ બનો તેવી શુભકામના પણ પાઠવી હતી.

આ પ્રસંગે કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકીએ પણ વયમર્યાદાને લઈ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરથી પાલનપુર વચ્ચે ખાસ બસ સેવા શરૂ કરાઈ

**જામજોધપુર રૂટની બસ સેવા બંધ કરી દેવાઇ : આગામી દિવસોમાં જરૂર મુજબ નવા રૂટો શરૂ કરવા પણ વિચારણા**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા ગાંધીનગરથી પાલનપુર રૂટમાં ખાસ બસ સેવા શરૂ કરવામાં આવી છે. સવારે ડેપોએ થી ૮ : ૧૫ કલાકે આ બસ ઉપડશે. જયારે રાત્રિના સમયે જામજોધપુરના રૂટ માટે શરૂ કરાયેલી બસ બંધ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત રાજકોટ રૂટમાં વોલ્વો બસ પણ અઠવાડીયામાં ત્રણ વાર દોડાવાનો નિર્ણય લેવાતા મુસાફરોમાં હર્ષની લાગણી વ્યાપી છે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા શહેરી બસ સેવાનુ સંચાલન કરવામાં આવે છે જયારે પાટનગર હોવાના નાતે રાજયના વિવિધ શહેરોમાંથી આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ હોય છે. સચિવાલય સહીતની સરકારી કચેરીઓમાં બહારગામથી આવતા મુલાકાતીઓની સંખ્યા વિશેષ હોય છે. ત્યારે આવનારા મુલાકાતીઓને ધ્યાને લઈને પણ નવા રૂટોમાં બસ સેવા શરૂ કરવાની પ્રબળ માંગ ઉઠવા પામે છે. અગાઉ એસ ટી ડેપો દ્વારા રાજકોટ રૂટમાં પણ વોલ્વો બસ સેવા શરૂ કરવામાં આવી હતી. પરંત પુરતો ટ્રાફિક ન મળતા આ બસ સેવા છેલ્લા ૬ મહીનાથી બંધ કરી દેવામાં આવી હતી. બીજીતરફ આ બસ પુન : શરૂ કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠતા એસ ટી તંત્ર દ્વારા અઠવાડીયામાં ત્રણ વાર આ બસ દોડવાનો નિર્ણય લેવાયો છે. જયારે વધુમાં ગાંધીનગર ડેપોથી સવારના સમયે ૮ :૧૫ કલાકે પાલનપુર રૂટ માટે પણ ખાસ બસ સેવા શરૂ કરવામાં આવી છે. આ મામલે અનેકવાર મુસાફરો દ્વારા એસ ટી


● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સિઝનનો હજુ એક ઈંચ વરસાદ પણ થયો નથી

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં આજે પણ વરસાદી વાદળો વરસ્યા વિના જ સરકી ગયા હતા. છેલ્લા બે ત્રણ દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો જોવા મળે છે પરંતુ વરસાદ વરસતો નથી. મેહુલિયો મન મુકીને ન વરસતા નગરજનો આકરી ગરમી વચ્ચે વરસાદની વાટે છે. વાદળિયા વાતાવરણ વચ્ચે આકરા તાપમાં રહાત અનુભવતા નગરજનો ભેજનુ પ્રમાણ વધતા વરસાદની ગેરહાજરી વચ્ચે ઉકળાટ અનુભવી રહયા છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૫.૬ ડી ગ્રી રહયુ હતુ.જયારે લઘુત્તમ તાપમાન ૨૬.૧ ડી ગ્રી રહયુ હતુ.

વાતાવરણમાં ભેજનુ પ્રમાણ નોંધપાત્ર સવારે ૮૩ અને સાંજે ૬૮ રહયુ હતુ. દિવસ દરમિયાન માત્ર ૫ મી મી પાણી ટપક્યુ હતુ. શહેરમાં હજુ મેઘરાજા રિસાયેલા હોવાનો અહેસાસ કરતા નગરજનો મેહુલિયો મનમુકીને વરસે તેવી આશમાં છે. અત્યાર સુધી સિઝનનો કુલ એક ઈંચ વરસાદ પણ નોંધાયો નથી. સિઝનનો ૧૭ મી મી વરસાદ થયો છે. ત્યારે નગરજનો વિચિત્ર મોસમના અહેસાસ વચ્ચે ચોમાસાની ધમાકેદાર શરૂઆત થાય તેની વાટ નિહાળી રહયા છે.



# શ્રદ્ધાંજલિ



**સ્વ. સતીશભાઈ બી. પટેલ**

સ્વર્ગવાસ તા. ૨૮/૬/૨૦૧૮


મૃત્યુથી જીવનનો અંત આવે છે, પણ સંબંધોનો નહી, આત્મીય સંબંધો તો માનવ મનમાં સદાય વસે છે. આપનો નીખાલસ સ્વભાવ સર્વે માટે સ્નેહનું સંભારણું બની રહેશે. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

લિ.

**નરેન્દ્રભાઈ એમ. શાહ**
(ડીરેક્ટર, ગાંધીનગર નાગરિક બેંક)
**વિપુલ આર. પટેલ**
(ડીરેક્ટર, ગાંધીનગર નાગરિક બેંક)


જય ભવાની

# ગુજરાત ક્ષત્રિય/ રાજપૂત સમાજનો / દલિત / નબળા અબળાની થતી સતામણી બંધ કરી સહાય / રક્ષા કરવાનો ઠરાવ



આજરોજ તા.૨૪/૦૬/૨૦૧૮ના રોજ અમે ગુજરાતભરના કારડિયા, ભૂમિયા અને રાપર પંથકના ક્ષત્રિય-રાજપૂતો બનાસકાંઠાના નડેશ્વરી સ્થળે સમાજના પ્રમુખશ્રી કાનભા ગોહિલ અને અનેક ગણમાન્ય આગેવાનોની હાજરીમાં નડેશ્વરી માતાના સ્થાનકમાં ભેગા થયા. આ પ્રસંગે ગુજરાત સરકારના અધિક સચિવશ્રી કે. જી. વણઝારાએ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહીને ક્ષત્રિય – રાજપૂતોનો ૫૦૦૦ વર્ષનો ત્યાગ, બલિદાન, સમર્પણનો ઇતિહાસ મહાભારત / ભગવદ્‌ગીતાની પૃષ્ઠભૂમિમાં યાદ દેવડાવ્યો. રાષ્ટ્ર, ધર્મ, સંસ્કૃતિ, નીતિ અને સમાજ માટે મરી જવાની ક્ષત્રિયોની ઉજળી પરંપરા પુનઃ વાગોળવામાં આવી. ભારતમાં દરેક જાતિને પોતાની આગવી રહન-સહન, ખાનપાન, બોલચાલ, રીતિરિવાજ, સંસ્કાર / સંસ્કૃતિ અને પોતાના જ ગોળ/વાડામાં લગ્ન કરવાની સ્વીકાર્ય વ્યવસ્થા છે પરંતુ તેનો અર્થ કોઇ ઉંચ અને કોઇ નીચ છે તેવો નથી. જાતિ પ્રથા એક પ્રકારની Self Help Group - Guild - મહાજન પ્રથા છે. જેનાથી સમાજ સંચાલન સરળ બને છે અને સમાજ સ્વયંશિસ્ત લાદે છે અને રાજતંત્ર પર વ્યવસ્થાનું ભારણ ઓછું થાય છે. તેનો અર્થ એવો પણ નથી કે કોઇ સમાજ કે જાતિ મિથ્યાભિમાનમાં ચૂર થાય અને કોઇ લઘુતાભાવથી દબાઇ જાય. બંને બાબતો તંદુરસ્ત સમાજ માટે ઘાતક છે.

તાજેતરમાં મિડીયામાં પ્રસિધ્ધ થયા પ્રમાણે કોઇ નબળા કે દલિત વર્ગની વ્યક્તિની ઘોડેસવારી કરવાના કારણોસર, સુંદર વસ્ત્રો પહેરવાના કે નામના સાથે સિંહ જોડવાથી અથવા મૂછો રાખવાના કારણે તેમના ઉપર અત્યાચાર કરવાની કે તેનો વિરોધ કરવાની ઘટનાઓ માટે આજની આ ક્ષત્રિય - રાજપૂત સભા દુઃખની લાગણી અનુભવે છે અને આવી ઘટનાઓને સખત શબ્દોમાં વખોડી તેનો વિરોધ કરી આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તેવી તીવ્ર લાગણી વ્યક્ત કરે છે.

રાજ્ય વ્યવસ્થા કે સમાજ વ્યવસ્થા માટે ચોક્કસ ગુણ / વ્યવસાય ધરાવતા સમૂહો / વર્ગો હોઇ શકે પરંતુ તેનો અર્થ ઉંચ-નીચના ભેદનો નથી. ભારત દેશની ઉજળી પરંપરા રહી છે કે મહારાણા પ્રતાપના દાદા રાણા સાંગાની પૂત્રવધૂ મેવાડની મહારાણી મીરાબાઇ,બ્રહ્મજ્ઞાની રોહિદાસ ચમારની શિષ્યા હતી. અર્જુનની સીધી લીટીના વારસદાર તુંવરવંશના રાજપૂત બાબા રામદેવે મેઘવાળ/વણકર કન્યા ડાળીબાઇની સાથે જ સમાધી લઇને સામાજિક સમરસતાનો સંદેશો આપીને આજથી અંદાજે ૫૦૦ વર્ષ પહેલાં રાજપૂતો અને દલિતો માટે રણૂજા પોખરણ રાજ્યમાં એક વારિગૃહ, એક પૂજાગૃહ અને એક સ્મશાનગૃહનો અમલ કર્યો હતો. મૂછો રાખવાવાળા કે નામ પાછળ સિંહ લખવાવાળા જ ક્ષત્રિયો કે બહાદુર છે તેવુ નથી. દશરથપુત્ર રામ કે વસુદેવસૂત કૃષ્ણ કે પાંડવોના નામ પાછળ સિંહ નહોતું છતાં તેઓ ઉચ્ચ દેવ કોટિના ક્ષત્રિયો હતા અને ધર્મયુધ્ધથી અસુરો, રાક્ષસો અને દુષ્ટોનો નાશ કરીને ઘનઘોર યુધ્ધમાં ટીટોડીના ઇંડાનું પણ રક્ષણ કર્યું હતું. બ્રાહ્મણ ઋષિ પરાશરે દલિત માછીમાર કોળી કન્યા મત્સ્યગંધા સાથે લગ્ન કરીને જગતને પુત્રરૂપે ભગવાન વેદવ્યાસ આપ્યા. જેમણે અનેક શાસ્ત્રો અને મહાભારત / ગીતાની રચના કરીને હિન્દુધર્મનો પાયો નાંખ્યો અને ભીલ વાલ્મીકીએ રામાયણ આપ્યું. પાંડુપુત્ર ભીમના ભીલ કન્યા હિડીમ્બા સાથે લગ્ન ન થયા હોત અને વીર ક્ષત્રિય ઘટોત્કચ પેદા ન થયો હોત તો ભગવાન કૃષ્ણ પણ પાંડવોને કૌરવો સામે વિજય અપાવી ન શક્યા હોત. વેદવ્યાસની દલિત કોળી માછીમાર માતા સત્યવતીના ભીષ્મના પિતા શાંતનું સાથેના પુનઃ લગ્નથી જ પાંડવો અને કૌરવો પેદા થયા હતા. પ્રખર તપસ્વી વિશ્વામિત્રના સ્વર્ગની અપ્સરા ગણિકા મેનકા સાથેના અનૈતિક સંબંધથી જન્મેલી અને ત્યજાયેલી શંકુતલાના પેટે જન્મેલ ભરતના નામે જ આપણો દેશ ભારત કહેવાયો. ભગવાન રામે ભીલ મહિલા શબરીનાં એઠાં બોર ખાઇને આદિવાસી સેનાની સહાયથી અહંકારી રાવણ સામે વિજય મેળવ્યો હતો.

ભગવાન મહાવીર સહિત ૨૪ ક્ષત્રિય તીર્થંકરોએ અને ક્ષત્રિય સિદ્ધાર્થ ભગવાન બુદ્ધે તમામ જાતિઓને સમાનતાનો દરજ્જો આપ્યો હતો. ગુરુ ગોવિંદસિંહે દરેક જાતિને મુછો-દાઢી રાખાવી પાઘડી પેરાવીને નામ પાછળ સિંહ લખાવીને ક્ષત્રિય બનાવી વિદેશી આતંકવાદથી દેશને મુક્ત કર્યો હતો. મહારાણા પ્રતાપે ભીલોને તેમના સમકક્ષ "રાણા"ની પદવી આપીને મેવાડ બચાવ્યું હતું. શિવાજીએ નાના-મોટા દલિત સમૂહોને લશ્કરમાં ભેળવીને પૂણેથી કાબૂલ સુધી ભારત માતાનો ધ્વજ ફરકાવ્યો હતો.

સગાસબંધી રાજા મહારાજાઓ ફૂટી ગયા ત્યારે સફાઇ કામદાર વાલ્મીકી વાલીબેન વડારણ બાઇએ જાત બલિદાન આપીને જૂનાગઢના કૃષ્ણવંશી રાવ નવઘણને બચાવીને ચૂડાસમા રાજવંશને બચાવ્યો હતો. પોતાના પુત્રનું બલિદાન આપીને પન્ના દાસીએ મેવાડના રાજવશંને બચાવ્યો ત્યારે મહારાણા પ્રતાપ મળ્યા હતા.

૧૯૪૭ પછી શારીરિક ક્ષમતાની કસોટીના આધારે ભારતીય લશ્કરમાં ભરતી થાય છે. લશ્કરમાં અનામત ન હોવા છતાં પણ નાની નાની બધી જ જાતિઓના યુવાનો, કે જેમની સંખ્યા અંદાજે ૭૦ ટકા છે, તેમાં ભરતી થઇને અપ્રતિમ બલિદાન આપીને ભારતમાતાની રક્ષા કરે છે. આવા બધા સમાજો મળીને બૃહદ ક્ષત્રિય સમાજ રચાય છે.

વણકર કબીરના કરોડો ઉચ્ચ વર્ગીય શિષ્યો તેમજ ગંગા સતી, જેસલ જાડેજા અને મેકણ દાદા જેવા ક્ષત્રિય સંતોના અનેક શિષ્યો ભગવાન શંકરાચાર્યએ પુનઃજીવીત કરેલી ભારતની અદ્વૈત પરંપરાનાં અમૃતપાન કરીને તરી રહ્યા છે ત્યારે આપણો હિન્દુ / ભારતીય સમાજ ગુજરાતમાં અને ભારતમાં જાતિવાદી / કોમવાદી દાવાનળમાં ન હોમાય અને પોતાની કુળ / જાતિની ઉજળી પરંપરાને જાળવીને સામાજિક સમરસતા સાથે સામાજિક ન્યાય માટે મથે અને નાના-મોટાના ભેદભાવ ભૂલી સર્વે ભવન્તુ સુખિન: સર્વે સંતુ નિરામયા: વેદમંત્રને પચાવી પ્રગતિ કરે તેવો આજની ક્ષત્રિય રાજપૂત સભા ઠરાવ કરે છે.



કાનભા ગોહિલ (પ્રમુખ) (૯૮૨૫૦૭૩૫૧૭)
કે. જી. વણઝારા સમર્થક
ડી.ડી. રાજપુત પ્રમુખ રાજપુત વિકાસ મંડળ, થરાદ

રૈયાભા રાઠોડ, ધનજીભાઈ ગોહિલ, દિપસંગ ડોડીયા, ભીખુભાઈ ડોડીયા, કુંભાભાઈ રાજપૂત, ડો. ઉદયસિંહ રાજપૂત

ગજેન્દ્રસિંહ મકવાણા, બળવંતસિંહ પઢેરીયા, કમાભાઈ રાઠોડ, નરેન્દ્રસિંહ અસવાર, કુલદિપ સગર, ભીમજીભાઈ રાજપૂત, મૂળજીભાઈ ગોહિલ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com